For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્વ. યોગેશ કાકાના અભેદ ગઢને જાળવી રાખવા ભાજપના નેતાઓમાં હોડ

# માંજલપુર પેટાચૂંટણી : ૧૦૦ થી વધુ મુરતિયા મેદાને, વિપક્ષ હજુ ઉમેદવાર શોધવામાં વ્યસ્ત

**ડેપ્યુટી** સ્પીકર પૂર્ણેશ મોદી સહિતના નિરીક્ષકોએ વડોદરામાં ઉમેદવારોને સાંભળ્યા; ટિકિટની રેસમાં પૂર્વ મેયર નિલેશ રાઠોડ અને સ્નેહલ પટેલના નામ ચર્ચામાં

(પ્રતિનિધિ) વડોદરા તા.7

તારીખ ૩૦મી જુલાઈના રોજ યોજાનારી વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભારતીય જનતા પાર્ટીની પરંપરા મુજબ આજે વડોદરા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રદેશ નિરીક્ષકો દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ માટે સૌથી સુરક્ષિત ગણાતી આ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ઈચ્છુક મુરતિયાઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેમાં એક બેઠક માટે આશરે ૧૦૦થી વધુ પ્રબળ દાવેદારોએ પોતપોતાની દાવેદારી નોંધાવી છે.

ગુજરાત પ્રદેશ ભાજપના નિરીક્ષકો તરીકે વિધાન સભાના ડેપ્યુટી સ્પીકર પૂર્ણેશ મોદી, પૂર્વ ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને પ્રદેશ કારોબારી સભ્ય સીતાબેન નાયક સવારે વડોદરા કમલમ ખાતે આવી પહોંચ્યા હતા. સેન્સ પ્રક્રિયા શરૂ કરતા પહેલાં નિરીક્ષકોએ વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોની અને મહામંત્રી લકુલીશ ત્રિવેદી સાથે બેઠકની ભૌગોલિક અને રાજકીય વિશેષતાઓ અંગે ચર્ચા કરી આકલન કર્યું હતું. ત્યારબાદ દિવસ દરમિયાન ટિકિટના વાંચ્છુકોને વ્યક્તિગત સાંભળવામાં આવ્યા હતા.

સવારે કમલમ ખાતે પોલો ક્લબના ચેરમેન સતીશ પટેલ (છાણી) અને મેહુલ ઝવેરીની એન્ટ્રી સાથે જ માહોલ ગરમાયો હતો. આ ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતા શંકરલાલ ત્રિવેદી, પૂર્વ મેયર નિલેશ રાઠોડ, શહેર મહિલા મોરચાના અધ્યક્ષ સ્નેહલ પટેલ તેમજ પૂર્વ નગરસેવક અલ્પેશ લીંબચીયા પણ પોતાની દાવેદારી સાથે હાજર રહ્યા હતા. માંજલપુરના સ્થાનિક સમીકરણોમાં મજબૂત પકડ ધરાવતા પૂર્વ મહામંત્રી જસવંતસિંહ અને વોર્ડ નં. ૧૭ ના પૂર્વ કાઉન્સિલર શૈલેષ પાટીલે પણ લાઈનમાં ઊભા રહીને પોતાની પ્રબળ ઉમેદવારી નોંધાવતાં રેસ વધુ રસપ્રદ બની છે. તમામ દાવેદારોને સાંભળ્યા બાદ નિરીક્ષકો આ સંકલિત અહેવાલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સુપ્રત કરશે.



### વિપક્ષ વેરવિખેર: ભાજપ માટે 'કેકવોક' જેવી સ્થિતિ !

વડોદરાના રાજકીય મહાસાગરમાં વેરવિખેર થયેલો વિપક્ષ હજુ સુધી કોઈ કિનારો શોધી શક્યો નથી, જેના કારણે માંજલપુર બેઠક પર ભાજપ માટે સ્થિતિ સાવ એકતરફી એટલે કે 'કેકવોક' સમાન જોવા મળી રહી છે. આ બેઠક પર સ્વ. યોગેશ પટેલનું ચાર દાયકા ઉપરાંતનું જનસેવા અને રાજકારણ ભાજપ માટે એક અત્યંત અભેદ અને સલામત ગઢનું નિર્માણ કરી ચૂક્યું છે, જેનો સીધો લાભ પક્ષને આગામી વર્ષો સુધી મળતો રહેશે. ગુજરાતના રાજકારણમાં પેટા ચૂંટણીઓ જીતવામાં ભાજપ હંમેશા મહારત ધરાવે છે, ત્યારે ૧૦૦થી વધુ મુરતિયાઓની ભીડમાંથી પક્ષ કયા આશ્ચર્યજનક ચહેરા પર પસંદગીનો કળશ ઢોળે છે તેની ઉત્સુકતા વડોદરાવાસીઓમાં ચરમસીમાએ છે.

### જાંબુઆ-તરસાલી બોર્ડર પર પોલીસનું સઘન ચેકિંગ



માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીને લઈને વડોદરા પોલીસ એલર્ટ મોડમાં આવી છે. પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક બાદ જાંબુઆ અને તરસાલી ચેકપોસ્ટ પર સઘન વાહન ચેકિંગ શરૂ કરાયું છે. ગેરકાયદે રોકડ, દારૂ અને પ્રલોભન સામગ્રીની હેરફેર અટકાવવા સાથે શંકાસ્પદ વાહનો, વ્યક્તિઓ અને અસામાજિક તત્વો પર ચાંપતી નજર રાખી સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

### બીજા દિવસે ૯ ઉમેદવારી પત્રોનો ઉપાડ

માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રીયાનો પ્રારંભ થવાની સાથે પ્રથમ દિવસે નવ ફોર્મનો ઉપાડ થયા બાદ બીજા દિવસે પણ ૯ ફોર્મનું વિતરણ નોંધાયું છે. બે દિવસમાં કુલ ૧૭ વ્યક્તિ દ્વારા આ ૧૮ ફોર્મ મેળવવામાં આવ્યા છે. આજે બે ફોર્મ ભારતીય જનતા પાર્ટી, ૬ ફોર્મ અપક્ષ અને એક ફોર્મ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી તરફથી ઉપાડવામાં આવ્યા છે.

### શું કહે છે દાવેદારો

ભાજપની પરંપરા મુજબ નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. 100થી વધુ દાવેદારોના અભિપ્રાય પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રજૂ થશે. માંજલપુર બેઠક પર ભાજપનો સતત વિજયી ઇતિહાસ રહ્યો છે અને આ પેટાચૂંટણીમાં પણ રેકોર્ડ બહુમતીથી જીત મેળવીશું.
– **ડો. જયપ્રકાશ સોની,** વડોદરા શહેર ભાજપ પ્રમુખ

ભાજપમાં દરેક કાર્યકર્તા દાવેદાર હોય છે અને જવાબદારી કોને આપવી તે પક્ષ નક્કી કરે છે. મેં મારો દાવો રજૂ કર્યો છે, પરંતુ પાર્ટી જેને ટિકિટ આપશે તેને માંજલપુર બેઠક પરથી જંગી બહુમતીથી જીતાડવા માટે અમે સંપૂર્ણ શક્તિથી કામ કરીશું.
– **નિલેશ રાઠોડ,** પૂર્વ મેયર

પક્ષના દરેક કાર્યકર્તાને ટિકિટ માંગવાનો અધિકાર છે, પરંતુ અંતિમ નિર્ણય હાઈકમાન્ડ લે છે. જો મને જવાબદારી સોંપાશે તો નિષ્ઠાપૂર્વક કામ કરીશ, અને અન્ય કોઈ ઉમેદવારને ટિકિટ મળશે તો પણ કમળના વિજય માટે સંપૂર્ણ સમર્પણથી કાર્ય કરીશું. - **સ્નેહલ પટેલ,** શહેર મહિલા મોરચા અધ્યક્ષ

## પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાયા



વડોદરા શહેરના પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં વરસાદમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. કરોડોના ખર્ચે થતી પ્રી-મોન્સૂન કામગીરી સામે સ્થાનિકોએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ચોમાસાની શરૂઆતમાં જ જો આ સ્થિતિ હોય, તો ભારે વરસાદમાં શું થશે ? તેવો ડર લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

### વાઘોડિયામાં ૬ મી.મી. અને વડોદરા શહેરમાં સામાન્ય વરસાદ નોંધાયો

# વડોદરામાં નજીવો વરસાદ,શિનોરમા સૌથી વધુ ૨૦૦ મી.મી. સિઝનનો કુલ વરસાદ

**બે દિવસ** ભારે વરસાદ સાથે વીજળી અને પવનની ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા જિલ્લામાં મંગળવારે વીતેલા 24 કલાકમાં સૌથી વધુ વરસાદ વાઘોડિયા તાલુકામાં 6 મી.મી. નોંધાયો હતો. વડોદરા તાલુકા એટલે કે વડોદરા શહેર અને આસપાસના વિસ્તારમાં માત્ર 2 મી.મી. વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત સાવલી, ડભોઈ, પાદરા, કરજણ, શિનોર અને ડેસર એમ કુલ 6 તાલુકા સંપૂર્ણપણે કોરા રહ્યા હતા. સિઝનનો કુલ વરસાદ જોઈએ તો શિનોર તાલુકો 200 મી.મી. સાથે મોખરે છે. તે પછી ડભોઈ અને ડેસરમાં 161 મી.મી., પાદરામાં 157 મી.મી., વડોદરા અને વાઘોડિયામાં 103 મી.મી., સાવલીમાં 97 મી.મી. અને કરજણમાં 95 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લાનો સિઝનનો સરેરાશ કુલ વરસાદ 134.63 મી.મી. થયો છે. 09 જુલાઈએ મધ્યમ વરસાદ અને 10 થી 13 જુલાઈ દરમિયાન હળવા વરસાદ સાથે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે.

### સયાજીગંજમાં વૃક્ષ ધરાશાયી, ટ્રાફિક ખોરવાયો



લાંબા વિરામ બાદ શહેરમાં ધોધમાર વરસાદ અને ભારે પવન વચ્ચે સયાજીગંજ પોલીસ સ્ટેશન નજીક એક વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. વૃક્ષ રસ્તા પર પડતાં ટ્રાફિક ખોરવાયો અને પાર્ક કરાયેલા કેટલાક વાહનોને નુકસાન થયું હતું. ફાયર બ્રિગેડે તાત્કાલિક સ્થળ પર પહોંચી વૃક્ષ હટાવી માર્ગ ખુલ્લો કર્યો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

### સયાજીગંજમાં વીજ થાંભલો પડી જતાં અંધારપટ

શહેરમાં મોડી રાતથી પડેલા વરસાદ અને પવનના કારણે સયાજીગંજ રેલવે સ્ટેશન સહિતના વિસ્તારોમાં વીજ થાંભલા ધરાશાયી થયા હતા. કલાકો બાદ પણ વીજ પુરવઠો પુનઃસ્થાપિત ન થતાં સ્થાનિકો અને વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડી. પ્રથમ જ વરસાદમાં પ્રિમોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થતાં લોકોએ તાત્કાલિક અસરકારક કામગીરી અને વીજ પુરવઠો શરૂ કરવાની માંગ કરી છે.

## મુંબઈમાં વરસાદથી પશ્ચિમ રેલવેની સેવા ખોરવાઈ,પર લાખનું રિફંડ ચૂકવ્યું

**વડોદરા** સહિત ગુજરાતની 9 મુખ્ય ટ્રેનો સુરત સુધી જ શોર્ટ ટર્મિનેટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

મુંબઈમાં પડેલા ભારે વરસાદને કારણે પશ્ચિમ રેલવેની સેવા ખોરવાઈ ગઈ છે. વસઈ રોડ, નાલા સોપારા અને કેલ્વે રોડ સ્ટેશનો વચ્ચે ટ્રેક પર પાણી ભરાઈ જતા ગુજરાત-સૌરાષ્ટ્રની 49થી વધુ ટ્રેનો રદ કરવી પડી છે. આ સાથે 23 ટ્રેનો ડાયવર્ટ અને 29 ટ્રેનો શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે.

રદ થયેલી ટ્રેનોમાં બાંદ્રા ટર્મિનસ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા, બાંદ્રા-અમૃતસર, મુંબઈ સેન્ટ્રલ-હઝરત નિઝામુદ્દીન, દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ સહિતની મુખ્ય ટ્રેનોનો સમાવેશ થાય છે. અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસને સુરત ખાતે અને અજમેર-દાદર એક્સપ્રેસને નવસારી ખાતે શોર્ટ ટર્મિનેટ કરાઈ હતી. આ સ્થિતિની સીધી અસર વડોદરા જંક્શન પર જોવા મળી હતી. વડોદરાથી મુંબઈ તરફ જતી અને મુંબઈથી વડોદરા થઈને ગુજરાત-સૌરાષ્ટ્ર જતી અનેક ટ્રેનો રદ થતા સેંકડો મુસાફરો વડોદરા રેલવે સ્ટેશને અટવાયા હતા. ઘણા મુસાફરોને ટિકિટ કેન્સલ કરાવવાની ફરજ પડી હતી. પશ્ચિમ રેલવેના જણાવ્યા મુજબ, ટ્રેનો રદ થવાને કારણે અત્યાર સુધીમાં મુસાફરોને અંદાજે 52 લાખનું રિફંડ ચૂકવાયું છે. રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે પ્રવાસનું આયોજન કરતા પહેલા ટ્રેનોના સ્ટેટસ, સમય અને રદ થયેલી ટ્રેનોની વિગતો ચકાસી લેવી. નોંધનીય છે કે, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશથી મુંબઈ જતી ટ્રેનોને વાપી, બિલિમોરા, સુરત, વલસાડ સુધી જ શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી અને પરત ટ્રેનોને તેમના સ્ટેશને મોકલી દેવામાં આવી હતી. મુંબઈ તરફ જતી તેજસ એક્સપ્રેસ, વંદે ભારત, કર્ણાવતી એક્સપ્રેસ, ડબલ ડેકર અને દાદર-સૌરાષ્ટ્ર સહિત 9 મુખ્ય ટ્રેનોને સુરત તરફ જ રોકવામાં આવી હતી.

## ખંડેરાવ માર્કેટમાં સ્વચ્છતા માટે CCTV નજર : દંડ ફટકારાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરમાં સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય કર્યો છે. બિલ્ડિંગના વિવિધ માળ અને કોરિડોરમાં પાનની પિચકારી તથા કચરો ફેંકવાની ફરિયાદોને ધ્યાનમાં રાખી આ પગલું લેવામાં આવ્યું છે. કેમેરાની મદદથી ગંદકી કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત 'નમો સ્વચ્છ કેમ્પેન' હેઠળ શહેરની હોસ્પિટલો, શાળાઓ અને આંગણવાડીઓમાં સફાઈ અને જરૂરી મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. પંખા, બારી, બારણાં સહિતની મરામત માટે યાદી તૈયાર કરી ચારેય ઝોનના આસિસ્ટન્ટ એન્જિનિયર અને આસિસ્ટન્ટ કમિશનરોને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના અપાઈ છે. તમામ સરકારી કચેરીઓ સ્વચ્છ અને સેનિટાઈઝ્ડ રહે તે માટે નિયમિત મોનિટરિંગ પણ કરવામાં આવશે.

### સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરા ફરી 'ભૂવા નગરી' બન્યું

## નજીવા વરસાદમાં માંજલપુરમાં પડ્યો મસમોટો કાળમુખો ભૂવો

**સરસ્વતી** કોમ્પ્લેક્સ પાસે રસ્તાની વચ્ચોવચ ભૂવો પડતા વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના મોટા-મોટા દાવાઓ વચ્ચે રસ્તાઓ પર જીવલેણ ભૂવા પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ગઈકાલે રાત્રે પડેલા માત્ર ૩૦ મિનિટના સામાન્ય વરસાદે જ વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. શહેરના વ્યસ્ત ગણાતા માંજલપુર વિસ્તારમાં વધુ એક મસમોટો ભૂવો પડવાની ઘટના સામે આવતા સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ વિસ્તારમાં રસ્તાઓની બિસ્માર હાલત અને વારંવાર પડતા ભૂવાઓને કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે.

મળતી વિગતો અનુસાર, માંજલપુર વિધાનસભા મતવિસ્તારના વોર્ડ નંબર ૧૮માં આવેલા સરસ્વતી કોમ્પ્લેક્સથી અલવા નાકા તરફ જતા મુખ્ય માર્ગ પર અચાનક એક વિશાળ ભૂવો પડી ગયો હતો. આ મુખ્ય માર્ગ અત્યંત વ્યસ્ત હોવાથી ૨૪ કલાક વાહનોની અવરજવર રહે છે. રસ્તાની વચ્ચોવચ પડેલા આ કાળમુખા ભૂવાને જોઈને ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સદનસીબે આ દુર્ઘટના સમયે કોઈ વાહન ભૂવામાં ખાબક્યું નહીં, નહિતર કોઈ મોટી જાનહાનિ સર્જાઈ શકી હોત.

## ફેક સોશિયલ મીડિયા આઈડી બનાવી મહિલાના મોર્ફ ફોટા વાયરલ

**મોર્ફ** કરેલી તસવીરો સગા સંબંધીઓને મોકલી આપનાર શખ્સની પોલીસ દ્વારા શોધખોળ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરમાં સોશિયલ મીડિયા હવે માત્ર સંપર્કનું માધ્યમ નહીં, પરંતુ સાયબર ગુનેગારો માટે મહિલાઓની પ્રતિષ્ઠા સાથે ખેલ કરવાનો હથિયાર પણ બની રહ્યું છે. શહેરમાં ફરી એકવાર અપરિણીત મહિલાના નામે ફેક સોશિયલ મીડિયા આઈડી બનાવી તેના ફોટા મોર્ફ કરીને બીભત્સ બનાવી વાયરલ કરી તેણીને બદનામ કરવાનું કાવતરું રચ્યું હતું. ઘટનાથી વ્યથિત બનેલી મહિલાએ આ શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વડોદરામાં રહેતી એક 30 વર્ષીય અપરિણીત મહિલા સોશિયલ મીડિયાનો નિયમિત ઉપયોગ કરે છે. અજાણ્યા શખ્સે મહિલાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ફોટા ડાઉનલોડ કરીને તેના નામે ફેક સોશિયલ મીડિયા આઈડી બનાવી હતી. ત્યારબાદ મહિલાના ફોટાને મોર્ફ કરીને બીભત્સ તસવીરો તૈયાર કરવામાં આવી અને તે તસવીરો નકલી પ્રોફાઈલ પર અપલોડ કરીને વાયરલ કરવામાં આવી હતી. આ કૃત્યનો હેતુ મહિલાની સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો અને તેમને બદનામ કરવાનો હોવાનું જણાયું છે. વિચિત્ર માનસ ધરાવતા આ શકશે મહિલાના મોર્ફ કરેલા ફોટા તેમના સગા સંબંધી તથા મિત્ર વર્તુળમાં પણ મોકલી આપ્યા હતા. ત્યારે તેમના સંબંધીઓ તરફથી આ ઘટના અંગે જાણ થતાં મહિલા અને તેના પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. અંતે મહિલાએ તેમને બદનામ કરવાનું કાવતરું ઘડનાર શખ્સ વિરુદ્ધ વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ટેક્નિકલ સર્વેલન્સ અને ડિજિટલ પુરાવાના આધારે ફેક આઈડી બનાવનાર અને મોર્ફ તસવીરો વાયરલ કરનાર આરોપીને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

### સાત વર્ષથી પાણી ભરાવાની સમસ્યા કોઈ કાયમી ઉકેલ નહીં મળ્યો

## ગોરવામાંમહિલાઓએજનપ્રતિનિધિના પોસ્ટરો પાણીમાં ડૂબાડી કર્યો વિરોધ

**સમસ્યા** નહીં ઉકેલાય તો ચૂંટણી બહિષ્કારની તૈયારી



(પ્રતિનિધિ) વડોદરા તા.7

ગોરવા વિસ્તારમાં છેલ્લા સાત વર્ષથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા યથાવત રહેતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર રજૂઆતો છતાં તંત્ર અને જનપ્રતિનિધિઓ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં આ વર્ષે સામાન્ય વરસાદમાં જ વિસ્તાર જળબંબાકાર બન્યો હતો. વિરોધ સ્વરૂપે મહિલાઓએ ધારાસભ્ય અને કોર્પોરેટરોના ફોટાવાળા પોસ્ટરો ભરાયેલા ગંદા પાણીમાં ડૂબાડી અનોખું પ્રદર્શન કર્યું હતું. મહિલાઓએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, "અમે સાત વર્ષથી પાણીમાં ડૂબી રહ્યા છીએ, હવે તમે પણ પાણીમાં ડૂબો."

સ્થાનિકોના જણાવ્યા મુજબ, દર વર્ષે વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારો અને સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જાય છે. ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં લાખો રૂપિયાનું નુકસાન થાય છે. ડ્રેનેજ લાઇનની યોગ્ય સફાઈ ન થવાને કારણે વરસાદી પાણીનો નિકાલ થતો નથી, જેના કારણે રોગચાળાનો ભય પણ ઉભો થયો છે. બાળકોને શાળાએ જવા અને વડીલોને સારવાર માટે બહાર નીકળવામાં પણ ભારે મુશ્કેલી પડી રહી છે.

રહીશોએ આક્ષેપ કર્યો કે ચૂંટણી સમયે કરાયેલા વાયદા જીત્યા બાદ ભૂલાઈ જાય છે. અનેક રજૂઆતો છતાં માત્ર આશ્વાસનો જ મળ્યા છે. જો ટૂંક સમયમાં કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો પાલિકા કચેરીનો ઘેરાવ કરવા અને આગામી ચૂંટણીઓનો બહિષ્કાર કરવા સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે.

## અધિકારીઓ વરસાદમાં રેઈનકોટ પહેરી મોનિટરિંગ કરે : મ્યુ. કમિશનર

**ચોમાસામાં** અધિકારીઓને ફિલ્ડમાં રહેવા કમિશનરનો કડક આદેશ

**વોટર** લોગિંગ દૂર કરવા ડીવોટરિંગ પમ્પ સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરમાં ચોમાસા દરમિયાન નાગરિકોને પડતી હાલાકી ઘટાડવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનરે તમામ અધિકારીઓ, એન્જિનિયરો અને કર્મચારીઓને આગામી દિવસોમાં સતત ફિલ્ડમાં રહી કામગીરીનું મોનિટરિંગ કરવાની કડક સૂચના આપી છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે વરસાદ દરમિયાન પણ અધિકારીઓએ રેઈનકોટ પહેરીને સ્થળ પર હાજર રહી સમસ્યાઓનો તાત્કાલિક નિકાલ કરાવવાનો રહેશે.

ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા અટકાવવા માટે જ્યાં ડ્રેનેજ લોગિંગ અને વોટર લોગિંગ સર્જાય છે ત્યાં તાત્કાલિક સફાઈ હાથ ધરવા અને વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે જરૂરિયાત મુજબ ડીવોટરિંગ પમ્પ કાર્યરત રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. હેતુ એ છે કે નાગરિકોની અવરજવર અને વાહનવ્યવહાર ખોરવાય નહીં.

શહેરના વિસ્તરતા વિસ્તારોને ધ્યાનમાં રાખીને નવા વિસ્તારોમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના ભાગરૂપે સીસીટીવી કેમેરાનું નેટવર્ક વિસ્તૃત કરવામાં આવશે તેમજ એલઈડી લાઈટો સ્થાપિત કરાશે. રોડ સેફ્ટી મોનિટરિંગને વધુ અસરકારક બનાવવા માટે આધુનિક સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરીને પણ વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

### અભિલાષા ચાર રસ્તાથી પોદાર સ્કૂલ માર્ગ પર ભુવા અને તિરાડો

## પહેલા જ વરસાદમાં નવનિર્મિત બ્રિજ-રસ્તો બેસી ગયો, તંત્રની કામગીરી સામે સવાલો



(પ્રતિનિધિ) વડોદરા તા.7

સ્માર્ટ સિટી વડોદરામાં ચોમાસાના પ્રથમ વરસાદમાં જ કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા માળખાકીય કામોની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. વોર્ડ નં. 2માં અભિલાષા ચાર રસ્તાથી પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ તરફ જતા નવનિર્મિત બ્રિજ અને મુખ્ય માર્ગ પર ગંભીર ભુવા પડતાં તેમજ રોડ બેસી જતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. નોંધનીય છે કે આ માર્ગને જનતા માટે ખુલ્લો મૂકાયાને હજુ એક મહિનો પણ પૂર્ણ થયો નથી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પૃથ્વીરાજ સર્કલથી ખોડિયારનગર કેનાલ તરફ જતો આ માર્ગ આસપાસના અંદાજે 5,000 ઘરો માટે મુખ્ય સંપર્ક માર્ગ છે. શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓ, સ્કૂલ બસો અને દૈનિક વાહનવ્યવહાર માટે પણ આ માર્ગનો વ્યાપક ઉપયોગ થાય છે. સામાન્ય વરસાદ બાદ જ રસ્તાની બંને બાજુ ઊંડી તિરાડો પડતાં અકસ્માતનો ભય ઉભો થયો છે.

રહીશોએ કામની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવી કોર્પોરેશન અને કોન્ટ્રાક્ટરની જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે જો શરૂઆતના વરસાદમાં જ આવી સ્થિતિ સર્જાય છે તો ભારે વરસાદમાં જોખમ વધુ વધી શકે છે. તેમણે ઉચ્ચ અધિકારીઓને સ્થળ નિરીક્ષણ કરી સમગ્ર કામગીરીની ગુણવત્તાની તપાસ કરવા, જવાબદાર સામે કાર્યવાહી કરવા અને યુદ્ધના ધોરણે માર્ગનું સમારકામ અથવા પુનઃનિર્માણ હાથ ધરવાની માંગ કરી છે.